

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*હવે રોજ અવનવા કાવાદાવા ખેલાઈ જશે*
*વેંચાશે નેતાઓ વેશ્યા જેમ શર્મ મેલાઈ જશે!*
*રેલાઈ જશે બે-નંબરી નાણાં અસત્યના સોદામાં*
*ખૂનખરાબા, અપમૃત્યુ દૂષણ ફેલાઈ જશે*

હાઈકુ

*દબાશે ગળું*
*'આચાર સંહિતા' નું -*
*સેવસે મૌન*
*(સત્તાની શરમ)*

*- ને અટવાશે,*
*અભિમન્યુ કોઠામાં -*
*ચૂંટણી પંચ...*
*(કેસ-કબાલા-નોટીસો)*

### ચિંતન

*દાનં ભોગો નાશસ્તિસ્રો ગયતો ભવન્તિ વિત્તસ્ય ।*
*યો ન દદાતિ ન ભુંક્તસ્ય તૃતીયા ગતિર્ભવતિ ॥*

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

સંપત્તિનો વિનિયોગ ત્રણ રીતે થાય છે. કાં તો એનું દાન થાય અથવા એ ભોગવિલાસમાં વપરાય અથવા તો એ નષ્ટ થઈ જાય. સંપત્તિવાન વ્યક્તિ જો એની સંપત્તિનું દાન કરે નહિ અને સુખ-સમૃદ્ધિમાં મહાલે પણ નહિ તો પછી એનું આ સઘળું ધન અંતે નાશ જ પામે.

માણસ આજીવન વધુ અને વધુ સંપત્તિ પ્રાપ્ત કરવા માટે પારાવાર પરિશ્રમ કરતો હોય છે. સંપત્તિ પ્રાપ્ત કરવી એમાં કશી ભૂરાઈ નથી. ઉલ્ટું, સંપત્તિ પ્રાપ્ત થાય એ શ્રેયસ્કર છે પણ આ સંપત્તિ પ્રાપ્ત કરવી શા માટે જોઈએ ? સંપત્તિ વડે જ જીવનભર સત્કાર્ય થાય છે. સંપત્તિ ન હોય તો કશું થઈ શકતું નથી. સંપત્તિ ન હોય તો કશું થઈ શકતું નથી સંપત્તિમાં રહેલા આ સામર્થ્ય ને કારણે જ માણસે એને પ્રાપ્ત કરવી જોઈએ પણ પ્રાપ્ત થયા પછી એનો ઉચિત વિનિયોગ પણ થવો જોઈએ.

જો આમ ન થાય તો એની પ્રાપ્તિ નિરર્થક બની જાય છે.

સંપત્તિ માણસ સમસ્ત સમાજને પોતાનો પરિવાર માનીને આ સંપત્તિનો ઉપયોગ દાનમાં કરે તો શ્રેષ્ઠ માર્ગ છે, પણ આવી ઉદારતા બધા કેળવી શકતા નથી.

### સુવિચાર

- 'ખામોશી' કા અપના મઝા હૈ... પૈંડો કી જડેં ફડફડાયા નહીં કરતી - **સુશીલ કુમાર**
- મનુષ્ય ને માટે મોટામાં મોટી ત્રણ પદવી છે, શહીદ, વીર અને મહાત્મા - **ગ્લેડસ્ટન**
- માણસ જેટલી ચશ્માની કાળજી રાખશે તેટલી આંખની નહીં રાખે - **સ્વેટ મોર્ડન**
- રંજ વિના ગંજ નહીં અને શ્રમ વિના ધન નહીં - **નીતિ શાસ્ત્ર**
- રાત આપણને સિતારા દેખાડે છે, તેવી જ રીતે દુઃખ આપણને સચ્ચાઈ દેખાડે છે - **ડેવિડ વેટ્લી**
- સત્તાનો ગર્વ હોય કે સમૃદ્ધિનો નશો હોય,
  માનવીની ઈચ્છા પુણ્યના યોગ સિવાય પૂરી થતી નથી - **રમણ મહર્ષિ**
- આજનું ઔષધ : તલ અને સાકરને પાણીમાં ઉકાળીને પીઓ, આનાથી ખાંસી મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

એક રાજા જંગલમાં શિકાર કરવા નીકળ્યો અને સાવ નિર્જર જગ્યાએ પહોંચી ગયો. ત્યાં એક સંતને ધ્યાનમાં બેઠેલા જોયા. ભયંકર ઠંડી ઋતુ હતી પણ સંતનો પરમ શાંતિની અનુભૂતિ સાથે ધ્યાનમાં મગ્ન હતા. રાજા પોતાની મહેલમાં પાછા ફર્યા અને મંત્રીને કહ્યું, 'તપાસ કરો કે આવી કડકડતી ઠંડીમાં સંત એમનો દિવસ અને રાત પસાર કેવી રીતે કર છે?'મંત્રી સંત પાસે ગયો અને પૂછ્યું, 'મુનિવર, મારા રાજા એ જાણવા માગે છે કે આપ કડકડતી ઠંડીમાં આપનો દિવસ અને રાત કેવી રીતે પસાર કરો છો?' સંતે કહ્યું, 'વત્સ, મારી રાત તો રાજાની જેમ જ પસાર થાય છે. માત્ર દિવસ એમનાથી વધુ સારો જાય છે.' સંતની વાતથી મંત્રીને સંતોષ ન થયો તેમણે પૂછ્યું 'કંઈ સમજાતું નથી, વિસ્તારથી સમજાવો.' સંતે કહ્યું, 'રાત્રે તો આપણે નિદ્રાધીન હોઈએ છીએ, એટલે મારી રાત તો તમારી જેવી જ પસાર થાય છે. નિદ્રા દેવીના ખોળામાં સૂતેલા સહુ કોઈની સ્થિતિ સમાન હોય છે. પરંતુ દિવસમાં મારા અને તમારા વચ્ચે એ સમાનતા રહેતી નથી, દિવસે સૌ કોઈ જાગૃત અવસ્થામાં સારા-ખોટા કામ કરે છે. અને હું પરમાત્માના ધ્યાનમાં લીન હોઉ છું. આથી મારો જાગ્રત સમય તમારાથી વધુ ફળદાયી હોય છે.' મંત્રીને સંતની વાત સમજાઈ. તેમણે સંતને વંદન કર્યા અને રાજાને મળવા વાટ પકડી.

# કાશ્મીર મુદ્દે કોઈ વચેટિયા નહીં

પાકિસ્તાન અને ભારત વચ્ચે કાશ્મીર મુદ્દે થયેલ શિમલા કરારમાં બહુ જ સ્પષ્ટ પણે ઉલ્લેખ કરાયેલો છે કે કાશ્મીર સંદર્ભે બેઉ દેશો વચ્ચે જે જૂના વખતથી ઝઘડો ચાલ્યો આવે છે એમાં ભારત અન્ય કોઈ દેશ કે વ્યક્તિની મધ્યસ્થી કયારે પણ નહીં સ્વીકારે. જો કોઈ સમસ્યા છે તેનો ઉકેલ બેઉ દેશો પરસ્પર સમજાવટથી લાવશે. આ કરાર વખતે ભારતનાં વડાપ્રધાન ઈંદિરા ગાંધી હતાં અને પાકિસ્તાનના વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટો એમની યુવાન પુત્રી બેનઝીરને લઈને પધાર્યા હતા. શિમલા કરારની શરતો બેઉ પાડોશી રાષ્ટ્રોને વધુ નજીક લાવી પરસ્પરના સહયોગ દ્વારા વિકાસ સાધવામાં મદદગાર થાય એવી હતી. પરંતુ પાકિસ્તાનના કોઈ પણ શાસકે એનું પાલન કરી ભારત સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવવા માટે પહેલ ન કરી. ઊલટાની એમણે ભારતીય નેતાઓ દ્વારા કરાયેલ પહેલ સામે દગાખોરી જ કરી. તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી બસમાં બેસીને દિલ્હીથી લાહોર ગયા પરંતુ તે વખતે નવાઝ શરીફ જેવા શરીફ વડાપ્રધાનની હાજરીમાં તત્કાલીન પાક આર્મીના વડા જનરલ પરવેશ મુશર્રફે અવિવેક દાખવ્યો એટલું જ નહીં ભારતીય સદ્ભાવનાનો છેદ ઉડાડતો કારગિલ કાંડ શરૂ કરી દીધો હતો. પાકિસ્તાન સાથે ભારતીય વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે પણ દોસ્તીનો હાથ લંબાવ્યો હતો. વહાલું વતન છોડીને ભારત આવવું પડેલું એ

તંત્રીસ્થાનેથી...

વિભાજનકાળમાં સંસ્મરણો તાજાં કરવા મનમોહનસિંહ એમનું પૈતૃક ગામ જોવા ગયા હતા. પોતાના છીનવાઈ ગયેલા ઘરમાં પગ મૂકી તેઓ ગદ્ગદ થઈ ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તો એથી પણ આગળ વધીને શાલ-સાડીની ડિપ્લોમસી શરૂ કરી હતી. પોતાના રાજયારોહણ વખતે નવાઝ શરીફને ખાસ મહેમાન તરીકે નોતરી માન-સન્માનથી નવાજ્યા હતા. આ બધા પ્રયાસો આખરે પાણીવલોણું સાબિત થયા હતા. નરેન્દ્ર મોદીનો ઉદ્દેશ કાશ્મીરને દેશનું નંબર વન રાજય બનાવવાનો હતો. એમણે રેલવે લાઈનથી લઈ રોજગારી સુધીના પ્રયાસો કરી કાશ્મીરી યુવાનોને સર્જનાત્મક દિશામાં વાળવા પ્રામાણિક પુરુષાર્થ કર્યો હતો અને કાશ્મીરમાં મહેબૂબા મુફતી સાથે જોડાણ કરીને ભાજપને સત્તામાં પણ ભાગીદાર બનાવ્યું હતું. આટઆટલા પ્રયાસો છતાં કાશ્મીરમાં જ અડિંગો જમાવીને બેસી ગયેલાં પાક તરફી અલગતાવાદી તત્ત્વોએ એમની નાપાક પ્રવૃત્તિઓને ન છોડી ત્યારે આતંકવાદીઓ અને ઘૂસણખોરો વિરુદ્ધ નાછૂટકે સૈનિક કાર્યવાહીને છૂટો દોર આપવાની ફરજ પડી હતી. સેના પર પથ્થરમારો કરતા કાશ્મીરી યુવાનો સામે પેલેટ ગન વાપરવા સિવાય છૂટકો જ નહોતો. કાશ્મીર પૉલિસીમાં મોદીના પોઝિટિવ અભિગમને પુરસ્કાર થયો હોત તો પરિણામ કંઈ જુદું જ હોત. મોદીને એ માટે કદાચ શાંતિ માટેનું નોબેલ પારિતોષિક પણ મળી ગયું હોત. સંજોગો વિપરીત બન્યા અને જે ઘટનાઓ ઘટી એમાં પુલવામાનો આતંકી હુમલો ભારતના ધૈર્ય પર પૂર્ણવિરામ સમાન બની ગયો રહ્યો. હવે જયારે એરસ્ટ્રાઈક મુદ્દે ભારતમાં આંતરિક રાજકારણ આરંભાયું છે ત્યારે સાઉદી શેખને ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરવાની વેણ ઊપડી છે. અગાઉ આવા સંકેતો અમેરિકા તરફથી પણ આવતા રહ્યા છે. ભારતે કયારેય આવી મધ્યસ્થીની તરફેણ કરી નથી અને કરશે પણ નહીં. મધ્યસ્થી કરનારની દાનત ગમે તેટલી સારી હોય તો પણ પાકિસ્તાન કંઈક તો લેતું જ પડે. આઝાદ કાશ્મીર તરીકે ઓળખાતો પાક હસ્તકનો કાશ્મીરનો પ્રદેશ આપણો છે એવો દાવો જતો કરવો પડે. કદાચ એ મુદ્દે પાક સાથેની સીધી વાટાઘાટોમાં સમાન થાય તો સમજી શકાય, પરંતુ ઈસ્લામિક રાષ્ટ્રોની મધ્યસ્થીથી પાકિસ્તાન સાથે મંત્રણા કરવી એ તો મૂર્ખતા જ ગણાશે.

# નિર્જીવની જેમ સજીવ પણ...



નવાં કલેવર

નટવર હેડાઉ

થોડા દિવસ પહેલાં એવું સાંભળવા મળ્યું હતું કે દિપ્તી બહેનના ઘરમાં કાચબાના આગમન પછી બાળકોની પ્રગતિ થઈ અને તેમના કુટુંબમાં સુખ-સમૃદ્ધિની વૃદ્ધિ થઈ રહી છે. તે દિવસથી કાચબો લાવવાની ઈચ્છા વધી રહી છે.

એક દિવસ તે પોતાના દીકરા સાથે બાઈક પર જઈ રહી હતી. ત્યારે રસ્તાની વચ્ચે એક કાચબો ધીમી ચાલે ચાલતો નજરે પડ્યો. પછી તો કહેવું જ શું ? તેના મનની ઈચ્છા પુરી થઈ જોઈ તેમે દીકરાને બાઈક રોકવા કહ્યું અને કાચબાને એ રીતે ઊંચકી લીધો જાણે કોઈ નિરાધાર બાળક મળી આવ્યું ન હોય. તેને પંપાળતા પોતાના ખોળામાં લઈ પાલવથી ઢાંકી દીધો. જેથી તેને કોઈની નજર ન લાગે કે પછી ગરમી ન લાગે.

દીકરો માતાના આ કામથી આશ્ચર્યચકિત હતો. કેમ કે તે જાણતો હતો કે, 'તે વન્ય જીવ અત્યાચારની શ્રેણીમાં આવે છે.' તેથી કોઈને સહેજ પણ ભણકારો આવી ગયો તો મુસીબત ઊભી થઈ થઈ શકે છે.

તો બીજી તરફ મમ્મી કહેતી હતી કે 'હું ઘણા લાંબા સમયથી જેની રાહ જોતી હતી તે રસ્તામાં મળી ગયો. બહુ સારા સુકન કહેવાય. કાચબો રાખવો એ સમૃદ્ધિનું પ્રતિક છે.'

દીકરા શ્લોકે મોટર સાઈકલની ગતિ વધારી અને તેઓ ઘેર પહોંચ્યા.

ઘેર પહોંચતા જ માંએ તેને સ્વચ્છ જળથી નવડાવ્યો. કંકુ, ચોખાથી તેની પૂજા - અર્ચના કરી અને એક નવા ટબમાં પાણી ભરી તેમાં મૂક્યો. આ બધું વ્રજ, કુંજ, કવિતા, શ્રેયા, સ્તુતિ બધા ધ્યાનથી જોતા હતા.

તો બીજી તરફ બબલુ, સોના અને તૃપ્તિ તેના માટે કાકડી, દુધી અને કુણું ઘાસ સતત ટબમાં નાંખી તેને ખાવાનું કહેતા હતા. 'ખા... ખા... ખાઈ લે, ભૂખ લાગી છે ને ?'

માં કાચબા માટે રાતની રાતો સુધી જાગવા લાગી જેમ બાળક માટે જાગે તેમ જ.

બે ત્રણ દિવસમાં પાડોશણ દેવયાની બહેન આવ્યા અને કાચબાની સુંદરતા તેમજ સમજદારીનાં વખામ કરતા બોલ્યા, 'તમને ખોટું ન લાગે તો એક વાત કહું ?'

'આની સાથે માદા કાચબીને રાખો તો બંને રાજીખુશીથી રહે અને પોતાનું સુખ-દુઃખ વહેંચે, તેમજ આનંદમાં રહે અને આપણને પણ રાખે. તમે જ વિચાર કરો જો નિર્જીવ ચીજો પણ આપણે સાથે જ રાખીએ છીએ જેમ કે પાટલો-વેલણ, ટાયર-ટ્યુબ ત્યારે આ તો તેની સાથી વગર કેવાં આંસુ સારતો હશે.'

માં ને તેમની વાત સાચી લાગી... તે માદા કાચબીની રાહ જોવા લાગી. કયાંથી અને કઈ રીતે મળે તે માટે પ્રયત્નો કરવા લાગી. તેણે પતિને પણ કાચબી લાવી આપવા કહ્યું, છતાં તેના મનમાં અનેક વિચારો આવતા. તે વિચારતી કે શું આ વાત સાચી હશે કે માત્ર ભ્રમ હશે.

# સંબંધો : વ્યક્તિએ નિર્ણય લેવો જ પડે કે પોતે પાંડવ પક્ષે છે કે કૌરવ પક્ષે



આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

ભારતીય સિનેમા ઉદ્યોગના એક તેજપુંજ એવા સ્વ. રાજ કપૂરને ત્રણ પુત્રો. સૌથી નાના રાજીવ કપૂર. વચ્ચેના ઋષિ કપૂર અને સૌથી મોટા રણધીર કપૂર. ઋષિ કપૂર ફિલ્મોમાં સફળ થઈ શક્યા એટલા અન્ય બે ભાઈઓ ફિલ્મોમાં સફળ ના થઈ શક્યા, રણધીર કપૂરે કેટલીક ફિલ્મોમાં અભિનય આપ્યો અને તેમાથી કેટલી ફિલ્મો સફળ પણ થઈ. રણધીર કપૂરે ત્રણ ફિલ્મોનું નિર્દેશન પણ કર્યું.

કપૂર કુટુંબની સાથે નજીકનો સંબંધ ધરાવતા એક લેખક અને ફિલ્મી પત્રકારનાં મંતવ્ય અનુસાર રાજ કપૂરના કુટુંબમાં રાજ કપૂરની પત્નિ કૃષ્ણા કપૂર પછી જો કોઈ અન્ય વ્યક્તિએ પોતાના કુટુંબ પ્રત્યેનું સંપૂર્ણ કર્તવ્ય નિભાવ્યું હોય તો એ વ્યક્તિ છે રણધીર કપૂર. કૃષ્ણા કપૂર સંપૂર્ણપણે પોતાના કુટુંબ પ્રત્યે સમર્પિત હતા અને એ ગુણો રણધીર કપૂરને વારસામાં મળ્યા. રણધીર કપૂરે પોતાના કુટુંબ પ્રત્યેની બધી જ ફરજો સંપૂર્ણ નિષ્ઠાથી બજાવી પરંતુ તેમનો સ્વભાવ એવો કે જિંદગીરૂપી આ જાનમાં તેમણે દુલ્હા બનવાને બદલે હંમેશા નાચવા ગાવાવાળા જાનૈયા બનવાનું જ પસંદ કર્યું. તેમણે સફળતા શાસિત સમાજનાં ખોટા મૂલ્યોનો ક્યારેય સ્વીકાર ના કર્યો. એ લેખકના મંતવ્ય અનુસાર કુટુંબ પ્રત્યેની ફરજ નિભાવવાની પ્રક્રિયા દરમિયાન રણધીર કપૂરે એક મોટી ભૂલ એ કરી કે તેમણે પોતાની જાતને હંમેશા તટસ્થ બનાવી રાખી. બીજા શબ્દોમાં એવું કહી શકાય કે રણધીર કપૂરે પૂરવેગે વહી જતાં પ્રવાહની સામે તરવાને બદલે તેમણે હંમેશા પ્રવાહની સાથે વહેતા રહેવાનું પસંદ કર્યું.

થોડા સમય પહેલા કપૂર પરિવારે રાજકપૂરનો આર. કે. સ્ટુડિયો વેચવાનો નિર્ણય લીધો. એવું કહેવાય છે કે રણધીર કપૂર પોતાના મનથી એવું ઈચ્છતા ન હતા એ કે પોતાના પિતાની સ્વપ્રભૂમિ વેચાય જાય પણ એ સમયે રણધીર કપૂરે તેનો સ્પષ્ટ રીતે વિરોધ ના કર્યો પણ મૂક રહીને તટસ્થ રહ્યા. આમ થવાને કારણે રાજકપૂરની કર્મભૂમિ એવો આર. કે. સ્ટુડિયો વેચાઈ ગયો.

એવું પણ કહેવાય છે કે રણધીર કપૂરે કુટુંબના કોઈપણ પ્રશ્નોમાં ક્યારેય કોઈનો પક્ષ ના લીધો કે કોઈનો ખુલ્લીને વિરોધ પણ ના કર્યો. મતલબ કે કુટુંબના કોઈપણ પ્રકારની સમસ્યાઓને હલ કરતી વખતે પોતાનો અંગત અભિપ્રાય ક્યારેય વ્યક્ત ના કર્યો કે પોતાનો એક ઠોસ નિર્ણય પણ ના આપ્યો. તેમણે હંમેશા તટસ્થ રહેવાનો જ પ્રયત્ન કર્યો. રણધીર કપૂરના આ પ્રકારના સ્વભાવને કારણે કપૂર કુટુંબને અને રણધીર કપૂરને ખુદને ઘણીવાર ઘણું વેઠવું પડ્યું.

તટસ્થતા માત્ર એક પરિકલ્પના છે. તટસ્થતા એક MYT ૐ સિવાય કશું જ નથી. પૂરા મનથી વ્યકિત ક્યારેય, કોઈપણ પરિસ્થિતિમાં તટસ્થ રહી શકતી નથી. જો કોઈ વ્યક્તિ એવું માનતી હોય કે પોતે તટસ્થ છે તો એ વ્યક્તિના ભ્રમ સિવાય કશું જ નથી. કોઈપણ મહિનાનો કોઈપણ દિવસ લ્યો, કાં તો એ શુક્લપક્ષમાં હોય ને કાં તો એ કૃષ્ણપક્ષમાં હોય. એવી જ રીતે કોઈપણ વ્યકિત પણ પોતાના મનથી તો કાં તે કોઈની તરફેણમાં હોય ને કાં તો કોઈની વિરુધ્ધમાં હોય. એ પછી કોઈ વાદ હોય, વિચાર હોય કે વ્યકિત હોય. પોતાની જાતને તટસ્થ કહેતી વ્યક્તિ કાં તો પોતાનો પક્ષ સ્પષ્ટ રીતે રજૂ કરી શકતી નથી અથવા તો પોતાના મનની વાત પ્રગટ કરી શકતી નથી. વ્યકિતની આ પ્રકારની મનોદશા તેમની પ્રકૃતિ પણ હોય શકે અથવા તો તે જાણી જોઈને પણ પોતાની જાતને ખુલ્લીને પ્રગટ ના કરી શકતી હોય.

વ્યક્તિ પોતે તટસ્થ છે એવો ઢંઢેરો પીટતી હોય તેની પાછળનું એક કારણ એ પણ હોય શકે કે વ્યક્તિમાં નિર્ણયશક્તિનો અભાવ હોય. આ પ્રકારની અનિર્ણાયકતાને કારણે વ્યક્તિને તટસ્થ રહેવાની ફરજ પડતી હોય. શેક્સપિયર સર્જીત અમર પાત્ર રાજકુમાર હેલ્મેટની જેમ 'ટુ બી ઓર નોટ ટુ બી' એવા બે વિકલ્પોમાંથી એકપણ વિકલ્પ પસંદ ના કરી શકનારી વ્યક્તિ એ બે વિકલ્પો વચ્ચે સતત ઝોલાં ખાતી રહે છે. આ પ્રકારની માનસિક અવસ્થા એ વ્યક્તિની નબળાઈ સિવાય બીજું કશું જ નથી.

જે વ્યક્તિ પોતાની જાતને તટસ્થ માનતી હોય છે અને પોતે તટસ્થ રહેવાનુ ગૌરવ પણ અનુભવતી હોય છે એ વ્યક્તિ કદાચ એવું માનતી હોય છે કે પોતે તટસ્થ રહીને બંને પક્ષનો વિદ્રોહ કરે છે. વ્યક્તિ જો આ પ્રકારની માન્યતા ધરાવતી હોય તો એ વ્યક્તિનો ભ્રમ માત્ર હોય છે. તટસ્થ રહેવું એ વિદ્રોહ નથી પણ એક પ્રકારની ભ્રમણા છે,

તટસ્થ રહવું એ એક પ્રકારની અનિર્ણાયકતા છે. વ્યક્તિને પોતે જો કોઈપણ પક્ષના ત્રાજવે બેસવું હોય તો તેમણે મક્કમતાથી, દ્રઢતાથી, હિમ્મતપૂર્વક કોઈ એક પક્ષે નિર્ણય લેવો પડે છે. વ્યકિત જયારે કોઈપણ પ્રકારનો નિર્ણય લે છે ત્યારે તે એક પ્રકારનું માનસિક તાણ અનુભવતી હોય છે. 'ટુ બી ઓર નોટ ટુ બી' જેવા બે વિકલ્પોમાથી એક વિકલ્પ પસંદ કરવાની પ્રક્રિયા દરમ્યાન વ્યક્તિએ પોતાના શરીરના સ્નાયુઓ અને મગજની નસોને ખેંચવી પડતી હોય છે. બંને પક્ષના લેખાં-જોખાં કરવા પડતાં હોય છે. ક્યારેક બેમાંથી કોઈ એક પક્ષનો ખોફ પણ વહોરવો પડતો હોય છે અને ક્યારેક કેટલાક પ્રકારના જોખમો પણ ઉઠાવવા પડતાં હોય છે. તટસ્થતાના અંચળા હેઠળ વ્યકિત પોતાની જાતને સલામત મેહસૂસ કરી શકે છે જે સલામતી કદાચ નિર્ણય લીધા પછી નથી મળી શકતી. કોઈ એક પક્ષે નિર્ણય ના કરીને તટસ્થ રહેવું એ એક પ્રકારની ભીરુતા જ છે. કોઈપણ એક પક્ષ તરફી નિર્ણય ના લઈને તટસ્થતાનો ડોળ કરવો એ એક પ્રકારની કાયરતા સિવાય બીજું કશું જ નથી.

(ક્રમશઃ)

# સર્જિકલ સ્ટ્રાઈકની વસંત અને દેશ થયો ગુલમહોર!



જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આપણો દેશ પૂરા વિશ્વમાં અજોડ અને અનોખો છે તેના પાયામાં આપણી બહુમૂલ્ય વૈચારિક અને સાંસ્કૃતિક વિરાસત છે. આપણે વૈવિધ્યપૂર્ણ ઐક્ય ટકાવી રાખ્યું છે અને પંચશીલના પાયા ઉપર આપણે જીવનનું ઘડતર કર્યું છે. અહીં સર્વ ધર્મ સર્વ સંપ્રદાય અને સર્વજનનું હૃદયથી સ્વીકૃતિ છે. એટલે જ બધા ઉત્સવોમાં લોકો હળીમળીને પોતાના આનંદને વહેંચી સ્વયં આનંદિત થાય છે. લોકશાહી ધરાવતા રાષ્ટ્રો પૈકી પણ આપણો દેશ વિશાળ છે. લોકો પાસે હવે માહિતીનો કોઈ અભાવ નથી અને સ્વભાવથી હજી સરળતા અને સહજતા મરી પરવારી નથી. સમયાંતરે દેશમાં પક્ષ અને સરકાર તો બદલાયા જ કરે છે પણ રાષ્ટ્રની મહાનતા લોકોના સાચા ચારિત્ર્ય ઉપરથી જ નક્કી થતી હોય છે ભારત જેવા વિશાળ રાષ્ટ્રની સમસ્યાઓ પણ ઘણી વિસ્તૃત હોય છે તેમ છતાં લોકો દિલથી માતૃભૂમિને ચાહે છે અને દેશ કાજે બધું જ કષ્ટ સહન કરવા તૈયાર પણ છે. વર્ષો પહેલા જે ભારત રાષ્ટ્ર હતુ અને આજે જે છે તેમાં મોટો ભેદ છે કારણ કે પ્રતિવર્ષ આપણે નવીનત્તમ બાબતોને જન જીવનમાં ઉમેરી છે. પ્રવર્તમાન સરકારે પડકાર ઊભા થાય તેવાં આકરા પગલાઓ ઊઠાવ્યા છે. ડિજિટલ ઈન્ડિયા બનાવી તેમાં કૌશલ્ય વર્ધન અને ઉત્પાદકતાના તત્ત્વો ઉમેરવાના પુષ્કળ પ્રયાસો કર્યા છે જેની ટોચ ઉપર ક્લિન ઈન્ડિયાનું મયુરપંખ હવે શોભતું હોય તેવા દિવસો આવતા જણાય છે.

સક્ષમ ભારતનું સ્વપ્ન આયોજનમાં સ્પષ્ટ છે અલબત્ત તેમાં અન્ય વહીવટ પ્રશ્નો, ગૂંચવાડા, વિલંબ, વગેરે જોવા મળે છે પરંતુ સમય જતા આ પ્રશ્નો અવશ્ય હટી જશે એવી શ્રદ્ધા જનમાનસમાં દેખાય રહી છે.

સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારાની પંક્તિમાં ઉમદા વતનની ઝાંખી દેખાય છે. હવે ભારતના પડોશી દેશો જે છે ત્યાં આપણા દેશમાં પ્રવર્તે છે તેવી લોકશાહી નથી અને ભારતની પ્રગતિ કે વિકાસની એક જલન તેઓ મહેસૂસ કરી રહ્યા છે. વૈશ્વિક સ્પર્ધામાં ભારતનું યોગદાન અતિ નોંધનીય છે એટલે મહાસત્તાઓ પણ ભારત પ્રત્યે સારી કે ઉમદા લાગણી ધરાવ પરંતુ પૂરા વિશ્વના તમામ ઉગ્રવાદને સ્થાન આશ્રય અને સહાય કરનાર પાકિસ્તાન ખુદ કંગાળ થવા છતાં એ ઉગ્રવાદની ચુંગાળમાંથી નીકળી શકયું નથી અને તેના લીધે પ્રોક્ષીવોરમાં પ્રતિદિન ભારતને રંઝાડી રહ્યું છે પરેશાન કરી રહ્યું છે અને ઉમદા વલણ જે આપણે દાખવ્યું તેના બદલામાં રોજ આપણી ઉપર હુમલા અને સૈન્યના જવાનોની શહીદી જ આપણા ભાગમાં આવી રહી છે.

પુલવામામાં છેલ્લે જે હુમલો થયો અને આપણા સંખ્યાબંધ જવાનો શહીદ થયા. આ ઘટના બાદ પુરા દેશના લોકોનું લોહી ઉકળી ઉઠ્યું અને સરકાર પણ આવેશમાં આવી ગઈ ! આ રીતે આપણે શું રોજ સહન કર્યા જ કરવાનું ?? કૂટનીતિ અને વ્યુહાત્મક રીતે આપણે વધુ કામ શરૂ કર્યું અને પુલવામાની ઘટનાના તેરમા દિવસે પાકિસ્તાન સીમાની અંદર ધમધમતા ઉગ્રવાદી અડ્ડાઓ ઉપર વાયુસેનાએ પાછળી રાત્રીએ અચાનક હુમલો કર્યો અને તેના કેમ્પોનો સફાયો કર્યો. સવાર થતા જ મીડિયા દ્વારા આ માહિતી પ્રજા સક્ષમ આવી અને એક અદ્ભૂત લાગણીનો મહાસાગર ઉછળ્યો !! દેશની અખંડતા અને ઐક્ય ઉપરના કોઈ પણ કૃત્યને હવે સાંખી નહીં જ લેવાય તેવી વાત કરનાર દેશના વડાપ્રધાનને બધાએ પુષ્કળ હિંમત તથા સાથ વ્યક્ત કર્યો. વસંત આવતી આ ઋતુમાં જાણે દેશ રાષ્ટ્રપ્રેમનાં બાગ બાગ થઈ ગુલમહોર થઈ ગયો. તમામ નાગરિકોની એક જ લાગણી છે કે આવા તત્ત્વો જે સીમા પારથી ષડયંત્ર કરી હેરાન કરે છે તેનો અંત લાવવો જ જોઈએ. સૈન્યના હાથને છૂટ મળી ગઈ છે.

સર્જિકલ સ્ટ્રાઈક જે વાયુસેના એ કરી એ પછી પાકિસ્તાન દ્વારા ખાસ કોઈ નોંધનીય કાર્યવાહી કરી શક્યું નથી એટલું જ નહીં તેઓએ આપણા વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનને આપણા દેશને પરત આપ્યો કે જે પ્લેન ક્રેશ થતા પાકિસ્તાનની ભૂમિ ઉપર જઈ ચડ્યા હતા. આ બધી ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે દેવાના ડુંગર નીચે જીવતું આ પડોશી રાષ્ટ્ર ખુલ્લી લડાઈ કરવા સક્ષમ નથી. બીજુ કોઈ પણ યુદ્ધ કદી કોઈ પણ સમસ્યાનું સાચું નિવારણ શસ્ત્ર નથી ! ભારત યુદ્ધ ઈચ્છતું નથી અને જે વાયુસેના એ કર્યું એ હરગીજ યુદ્ધ નથી કેમ કે આપણે માત્ર ઉગ્રવાદનો ખાત્મો ચાહીએ છીએ. વડાપ્રધાન સત્તા પર આવ્યા બાદ જે પ્રવચન કરેલું તેમાં બહુ સુંદર વાત રજૂ કરી હતી જેમ કે તમે જયાં પણ કામ કરો છો ત્યાં ઉમદા યોગદાન આપો તો તમે આર્મી છો જેમ કે સફાઈ કામદાર, શિક્ષક, ઓફિસ કર્મચારી આ બધા જો પોતપોતાનું કામ નિષ્ઠાથી કરે તો એ પણ રાષ્ટ્રીય વિકાસનો હિસ્સો બની જાય છે. હથિયાર લઈ સીમા પર યુદ્ધ કરવું એ જ રાષ્ટ્રપ્રેમ હોય તેવું નથી મતલબ કે પ્રત્યેક ભારતીય દેશ માટે જે સેવા તે આપે છે તેમાં દિલ દઈને ભાવપૂર્વક સ્વાર્થ વિના કરે તો દેશ ઉન્નતિના માર્ગે અવશ્ય જાય છે. દેશ આપણો મજબૂત છે તેમ છતાં પ્રજા મજબૂર શા કારણે છે ? આ પ્રશ્ન ઉપર ચિંતન કરવાનાં દિવસો છે પરહિત જેવો કોઈ ધર્મ નથી તેમ છતાં સ્વાર્થ ગણતરી કાવાદાવા બંધ થતા નથી એટલે પ્રજા ને કામમાં મુંઝવણો છે. આપણું ઐક્ય જ ખરી આપણી શક્તિ છે અને આપણે ત્યાં રોજ વાસંતિ ઋતુ છે.

**શેર આસ્વાદ :**

**આખું વિશાળ વિશ્વ મને સાંકડું પડ્યું**
**કોઈના દિલમાં જ્યારથી થોડી જગા મળી**
**- બેફામ**



થોટ

નટવર આહલપરા

## વફાદારી

સાવ સીધી સાદી વાત કરીએ તો એક કૂતરાને બટકું રોટલો નાખીએ તો પણ તેની વફાદારી છોડતો નથી. પશુ, પંખી પણ પોતાના માલિક રહેતા હોય છે તેના પણ અનેક ઉદાહરણો છે.

મદાલીની મોરલી પાસે ઝેરી સાપ શા માટે ઝૂમે છે ?

સંગીતના એક સૂરથી મૃગલા શાને ઝૂમે છે?

સાપ ભલે ઝેરી હોય પણ પોતાના માલિક મદારીને વફાદાર છે. સંગીતના સૂરથી મૃગ ઝૂમે છે કારણ કે તે તેના સંગીતકારને વફાદાર છે. આજે પણ કર્મચારી, અધિકારી, પોલીસ, શિક્ષણ, તાબીબ વગેરે પોતાની વફાદારી છોડતા નથી.

તિરુવલ્લુવરના ચિંતક કહે છે કે,

વફાદાર માણસનો વૈભવ ગામની વચ્ચોવચ ઊગેલા અને ફૂલથી લદાયેલા વૃક્ષ જેવો છે. જ્યારે ફાધર વાલેસનો મત સરસ છે. તેઓ જણાવે છે કે,

'દરેક માણસ પોતાનું કામ, પોતાની ફરજનો વફાદારીપૂર્વક બજાવે તો વ્યક્તિનો, પરિવારનો અને રાષ્ટ્રનો વિકાસ જરૂરથી થાય. પૂ. મોટાની વાત પણ જીવનમાં ઉતારવા જેવી છે : વફાદારીભર્યું કર્મ કરવા છતાં એ કર્મ પાછળની ઈચ્છા કોઈ લૌકિક પ્રકારની ન હોવી જોઈએ, કિન્તુ સાધનાના ભાવનો પ્રેરકબળરૂપ પ્રગટ્યા કરે એવી રીતે ને એવા ભાવે મળેલા કર્મોનો આપણે યજ્ઞભાવે વફાદારીથી કરવાનાં છે.'